અપની નિગાહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫૭ | ૨૮ નવેમ્બર, ૨૦૨૦, શનિવાર; કારતક સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં કોરોના વિક્રમી નવા ૧૬૦૭ કેસ

**રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાથી કુલ ૧૬ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૭૬૨૦૮૯૨ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૮૬૪૪૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા**



ગાંધીનગર,તા.૨૭

ગુજરાતમાં કોરોના કેસે નવો રેકોર્ડ બનાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં રેકોર્ડ ૧૬૦૭ નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં પ્રથમ વખત એક દિવસમાં નવા કેસની સંખ્યા ૧૬૦૦ને પાર પહોંચી છે. તો છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૬ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૮૮ લોકોએ કોરોનાને માત આપી છે. નવા કેસની સાથે રાજ્યમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨૦૫૧૧૬ પર પહોંચી ગઈ છે. રાજ્યમાં કોરોનાથી ૩૯૩૮ લોકોના અત્યાર સુધી મૃત્યુ થયા છે. તો ૧ લાખ ૮૬ હજાર ૪૪૬ લોકો કોરોનાની સારવાર બાદ સાજા થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૬ લોકોના મૃત્યુ થયા છે. માત્ર અમદાવાદ શહેરમાં ૧૦ અને જિલ્લામાં એક એમ કુલ ૧૧ લોકોના મૃત્યુ થયા છે. તો સુરત શહેરમાં ચાર અને ગાંધીનગર શહેરમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. અમદાવાદમાં છેલ્લા ઘણા દિવસથી મૃત્યુઆંક વધી ગયો છે. ગુજરાતમાં અમદાવાદ શહેરમાં નવા ૩૨૫ કેસ સામે આવ્યા છે. તો સુરત શહેરમાં


● અનુસંધાન પાન-૭ પર

## જે માસ્ક નથી પહેરતા તેઓને સીધા કોરોના સેન્ટરમાં નાંખો

**કોરોના નિયમોને લઇ ગુજરાત હાઇકોર્ટે કરી આકરી ટકોર**

અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં જાણે કોરોના મહામારીથી લોકોને ડર જ ન રહ્યો હોય તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે, કારણ કે લોકો માસ્ક વગર ફરતા જોવા મળે છે. ત્યાં જ સોશિયલ ડિસ્ટન્સ પણ લોકો જાળવતા નથી. જેના કારણે રોજબરોજ રાજ્યમાં કોરોના કેસના સૌથી કેસો સામે આવી રહ્યા છે. ગઈ કાલે તો ગુજરાતમાં કોરોના વાયરસના ૧૫૬૦ પોઝિટિવ કેસ આવ્યા હતા અને સાથે જ ૧૬ લોકો મોતને ભેટ્યા હતા. ત્યાં જ કેટલાક નમૂનાઓ તો કોરોનાનાં લક્ષણો હોવા છતા માસ્ક પહેરતા નથી. જે એક કડવી વાસ્તવિક્તા છે.



કોરોના મહામારીમાં લોકો મોતને ભેટી રહ્યા છે પરંતુ ગુજરાતની પ્રજામાં સરકારી ગાઈડલાઈન પ્રત્યે સહેજ પણ સજાગ્તા જોવા મળી રહી નથી. આ મામલે તંત્ર દ્વારા કડક નિયમો બનાવી ઉલ્લંઘન કરનાર સામે મસમોટો દંડ પણ વસૂલવામા આવે છે છતો લોકો સજાગ બની રહ્યા નથી. હવે આ મામલે ગુજરાત હાઈકોર્ટે પણ આકરી ટકોર કરી છે. ગુજરાત હાઈકોક્ટે આકરી ટકોર કરતા રાજ્ય સરકારને કહ્યું છે કે, જો કોઈ વ્યક્તિ જાહેરમાં માસ્ક પહેર્યા વગર જોવા મળે તો માસ્ક ન પહેરનારને કોરોના સેન્ટરમાં મોકલો. ત્યાં જ હાઈકોર્ટે તેવું પણ કહ્યું કે, માસ્ક પહેરવા મુદ્દે લોકોમાં હજુ પણ ઉદાસીનતા છે.

ત્યાં જ ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ જનરલે કહ્યું કે, આગામી શનિવાર તથા રવિવાર માટે સરકાર મોટો નિર્ણય લેશે. અને કોરોનાની સ્થિતિ અંકુશમાં ન આવે ત્યાં સુધી મેળાવડા નહીં યોજાય. સાથે જ કોરોના સંક્રમણ રોકવા સરકારને હાઈકોર્ટે ટકોર કરી હતી. આ અંગે સરકાર પોતાના જવાબ રજૂ કરે તેવો હાઈકોર્ટે આદેશ કર્યો છે.

# આજે વડાપ્રધાન મોદી અમદાવાદ આવશે

**સવારે ૯-૦૦ કલાકે અમદાવાદ આવી પહોંચશે : ઝાયડસ ખાતે હેલિપેડ તૈયાર કરવાની કામગીરી શરૂ : વડાપ્રધાન અમદાવાદ ઉપરાંત પૂણે અને હૈદરાબાદમાં પણ વેક્સિન તૈયાર કરતી કંપનીઓની પણ મુલાકાત લેશે : વેક્સિનની તૈયારીનું વડાપ્રધાન આજે નિરિક્ષણ કરશે**

અમદાવાદ,તા.૨૭

વડાપ્રધાન મોદી ફરી એકવાર ગુજરાત આવી રહ્યા છે. જોકે, આ મુલાકાત અમુક કલાકો માટે જ હશે. હાલ કોરોના સામે લડવા માટે દેશમાં અલગ અલગ જગ્યાએ વેક્સીન નિર્માણનું કામ ચાલી રહ્યું છે. અમદાવાદ ખાતે ઝાયડસ દ્વારા પણ કોરોનાની વેક્સીન બનાવવામાં આવી રહી છે. પીએમ મોદી વેક્સીનના નિર્માણની કાર્યવાહીનું નિરીક્ષણ કરવા માટે અમદાવાદ આવી રહ્યા છે. અમદાવાદથી તેઓ ચાંગોદર ખાતે આવેલા ઝાયડસના પ્લાન્ટની પણ મુલાકાત લેશે. વડાપ્રધાનની મુલાકાતને પગલે ઝાયડસ કંપની ખાતે આવેલા ગ્રાઉન્ડમાં તાત્કાલિક હેલિપેડ બનાવવામાં આવી રહ્યું છે. સવારથી જ હેલિપેડ બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત ઝાયડસ ખાતે પીએમ આવવાના હોવાથી સુરક્ષાની ચકાસણી માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઝાયડસના પ્લાન્ટ ખાતે પહોંચી ગયા છે. સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવામાં આવી છે.

પીએમ મોદી શનિવારે સવારે નવ વાગ્યે વિશેષ વિમાન મારફતે અમદાવાદ એરપોર્ટ પહોંચશે. જે બાદમાં અહીંથી જ તેઓ એક વિશેષ હેલિકોપ્ટરમાં ચાંગોદર ખાતે આવેલા ઝાયડસના પ્લાન્ટ ખાતે જશે. અહીં તેઓ કોરોનાની બનાવવામાં આવી રહેલી વેક્સીન અંગે માહિતી મેળવશે તેમજ પ્લાન્ટનું નિરીક્ષણ

● અનુસંધાન પાન-૭ પર

## રશિયાની Sputnik V કોરોના રસી ભારતમાં બનશે

**૧૦ કરોડથી વધુ ડોઝનું ઉત્પાદન થશે : વેક્સિન ૯૫ ટકા સુધી અસરકારક સાબિત થઈ છે તેમજ એક ડોઝની કિંમત ૧૦ ડોલર લગભગ ૭૫૦ રૂપિયા હશે**

માસ્કો,તા.૨૭

રશિયાની કોરોના વાયરસ વેક્સિન સ્પુતનિક ફને લઈને મોટી જાણકારી સામે આવી છે. આ વેક્સિનનું ઉત્પાદન ભારતમાં થશે. રશિયાના સાર્વભૌમ સંપત્તિ નિધિ અને ભારતીય દવા કંપની હેટેરોએ સ્પુતનિક ફ વેક્સિનના ભારતમાં પ્રતિ વર્ષ ૧૦૦ મિલિયન (૧૦ કરોડ)થી વધુ ડોઝનું ઉત્પાદન કરવાની સહમતિ વ્યક્ત કરી છે. સમાચાર એજન્સી રોયટર્સ અનુસાર સ્પુતનિક ફએ ટ્વિટર એકાઉન્ટ પર જારી એક નિવેદનના હવાલાથી તેની જાણકારી આપી છે. મહત્વનું છે કે રશિયાએ પાછલા દિવસોમાં કહ્યું હતું કે, તેની વેક્સિન ૯૫ ટકા સુધી અસરકારક સાબિત થઈ છે અને તેના એક ડોઝની કિંમત ૧૦ ડોલર (લગભગ ૭૫૦ રૂપિયા) હશે. તેના ડોઝને રાખવા માટે વધુ ઠંડા કોલ્ડ સ્ટોરેજની જરૂર નથી. સ્પુતનિક ફના ટ્વિટર એકાઉન્ટ પર જારી નિવેદનમાં કહેવામાં આવ્યું કે, વેક્સિનનું સમર્થન અને વૈશ્વિક સ્તર પર માર્કેટિંગ કરી રહેલ હેટેરો અને રશિયા સાર્વભૌમ સંપત્તિ નિધિએ ૨૦૨૧ની શરૂઆતમાં સ્પુતનિક ફનું ઉત્પાદન શરૂ કરવાની યોજના બનાવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં બીજા અને ત્રીજા ફેઝની ટ્રાયલ ચાલી રહી છે. વર્તમાનમાં વેક્સિનના ત્રીજા તબક્કાની ટ્રાયલ બેલારૂસ, યૂએઈ, વેનેજુએલા અને અન્ય દેશોમાં ચાલી રહ્યાં છે. હૈદરાબાદ સ્થિત ડો. રેડ્ડીઝ લેબોરેટરી ભારતમાં તેના ફેઝ બે અને ત્રણની ટ્રાયલ થઈ રહી છે. ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝ લિમિટેડે કહ્યું કે, ભારતમાં માર્ચ ૨૦૨૧ સુધી અંતિમ તબક્કાની ટ્રાયલ થઈ જશે. રશિયા અધિકારીઓએ મંગળવારે કહ્યું કે, કોન્ટ્રાક્સ હિસાબથી રશિયા દ્વારા ડિસેમ્બરમાં બીજા દેશોને સ્પુતનિક વી વેક્સિન સીમિત માત્રામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે, જ્યારે જાન્યુઆરી ૨૦૨૧માં અન્ય દેશોમાં પ્રમુખતાથી તેનું વિતરણ કરવામાં આવશે. તેના ઉત્પાદનને વધારવા અને કિંમતને ઓછી કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. રશિયાના લોકોને આ વેક્સિન ફ્રીમાં મળશે.

## રાજકોટની ઉદય શિવાનંદ હોસ્પિટલમાં આગથી કોરોનાના પાંચ દર્દીનાં કરુણ મોત

**ઉદય શિવાનંદ હોસ્પિટલના આઈસીયુમાં મોડી રાત્રે આગ ભભૂકી : કોવિડ હોસ્પિટલ માં કુલ ૩૩ જેટલા દર્દી સારવાર લઇ રહ્યા હતા, જે પૈકી ૧૧ દર્દી આઇસીયુની અંદર સારવાર લઇ રહ્યા હતા, તમામને અન્ય સ્થળે ખસેડાયા**






રાજકોટ,તા.૨૭

રાજકોટના માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઉદય શિવાનંદ હોસ્પિટલમાં આગજનીનો બનાવ સામે આવ્યો છે. હોસ્પિટલમાં લાગેલ આગજનીના બનાવ માં અત્યાર સુધીમાં પાંચ જેટલા દર્દીઓના મૃત્યુ નિપજયા છે. ડીસીપી મનોજ સિંહ જાડેજા ના જણાવ્યા પ્રમાણે ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલ માં કુલ ૩૩ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. જે ૩૩ દર્દીઓ પૈકી ૧૧ દર્દીઓ આઈસીયુની અંદર સારવાર લઈ રહ્યા હતા. આગજનીના બનાવ આઈસીયુમાં શોર્ટસર્કિટ થવાના કારણે લાગ્યો હતો. જે આગમાં આઈસીયુમાં સારવાર લઈ રહેલા ૧૧ પૈકી ૫ જેટલા દર્દીઓ આગજનીના બનાવ ના કારણે મૃત્યુ પામ્યા છે. હોસ્પિટલના અન્ય ફ્લોર પર સારવાર લઈ રહેલા ૨૨ દર્દીઓ તેમજ આઈસીયુમાંથી રેસ્ક્યુ કરવામાં આવેલા અન્ય છ દર્દીઓને કુવાડવા રોડ પર આવેલ ગોકુલ હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કોવિડ હૉસ્પિટલમાં લાગેલી આગમાં ૬ લોકોનાં મોત થયા છે. આ મામલા પર રાજ્યના મુખ્યમંત્રીએ ગંભીર નોંધ લઈ તપાસના આદેશ આપ્યા છે. મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપવાની સાથોસાથ આગનો ભોગ બનેલા દર્દીઓના પરિવાર પ્રત્યે દુઃખ પણ વ્યક્ત કર્યું છે. આઈસીયુ વોર્ડમાં જ્યારે આગ લાગી ત્યારે તેમાં ૧૧ દર્દી સારવાર લઈ રહ્યા હતા જેમાંથી ૬ દર્દીનાં મોત થયા છે. નોંધનીય છે કે પ્રાથમિક દષ્ટિએ આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોય એવું કહેવામાં આવી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં મંદી : બીજા ક્વાર્ટરમાં જીડીપીમાં ૭.૫ ટકાનું ગાબડું

**નેશનલ સ્ટેટસ્ટિક્સ દ્વારા આંકડા જાહેર કરાયા**

નવી દિલ્હી, તા. ૨૭

એપ્રિલ-જુનના ગાળામાં ૨૩.૯ ટકાના રેકોર્ડ ઘટાડા બાદ પણ દેશનું અર્થતંત્ર જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામાં પણ ૭.૫ ટકા જેટલું ઘટ્યું છે. ગયા વર્ષે જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામાં જીડીપીનો દર ૪.૪ વધ્યો હતો. કોરોનાને કારણે સતત બીજા ક્વાર્ટરમાં પણ દેશના જીડીપીમાં ઘટાડો ચાલુ રહેતા સત્તાવાર રીતે દેશનું અર્થતંત્ર મંદીમાં સપડાયું છે તેમ કહી શકાય. આજે કેન્દ્ર સરકારની નેશનલ સ્ટેટસ્ટિક્સ ઓફિસ દ્વારા આ આંકડા જાહેર કરવામાં આવ્યા હતા.

બીજા ક્વાર્ટરમાં પણ સતત જીડીપી ભલે ઘટ્યો હોય, પરંતુ આ ઘટાડો ઓછો હોવાથી ત્રીજા ક્વાર્ટરથી દેશનું અર્થતંત્ર પાટે ચઢે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. ખાસ કરીને તહેવારોની સીઝનમાં મોટાપાયે થયેલી ખરીદી અને ડિમાન્ડમાં વધારાની ઝલક તેમાં જોવા મળી શકે છે. આર્થિક બાબતોના એક્સપર્ટ્સ આ આંકડાને પ્રોત્સાહજનક પણ ગણાવી રહ્યા છે.

૨૦૧૧-૧૨ને પાયાનું વર્ષ ગણીએ તો તેના ભાવોની સરખામણીએ જુલાઈ-સપ્ટેમ્બરના ક્વાર્ટરમાં ગ્રોસ વેલ્યૂ એડિશન ૩૦.૪૯ લાખ કરોડ રુપિયા રહ્યું છે, જે ગયા વર્ષના આ જ ગાળામાં ૩૨.૭૮ લાખ કરોડ રુપિયા હતું. આમ, આ વર્ષના બીજા ક્વાર્ટરમાં તેમાં ૭ ટકા જેટલો ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે, એપ્રિલ-મેના ગાળામાં દેશમાં લોકડાઉનને કારણે મોટાભાગની આર્થિક પ્રવૃત્તિઓ બંધ હોવાથી તે ગાળાના જીડીપીમાં ૨૩.૯ ટકા જેટલું જંગી ગાબડું પડ્યું હતું.

## મમતા બેનર્જીના ખાસ શુવેન્દુ અધિકારીએ મંત્રીપદ છોડ્યું

કોલકાતા, તા. ૨૭

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી અગાઉ મમતા સરકારને મોટો ઝાટકો લાગ્યો છે. મુખ્યમંત્રી મમતા બેનરજીના ખાસ ગણાતા તૃણમૂલ કોંગ્રેસના શક્તિશાળી નેતા શુવેન્દુ અધિકારીએ પરિવહન મંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે. આ સાથે જે ટીએમસીમાં બળવાની અટકળો પ્રબળ બની છે. શુવેન્દુએ એક દિવસ અગાઉ હુગલી રિવર બ્રિજ કમિશન ચેરમેન પદેથી રાજીનામું આપ્યું હતું. જો કે હજી સુધી તેમણે ટીએમસી પાર્ટીમાંથી રાજીનામું નથી આપ્યું. શુવેન્દુ પક્ષપલટો કરી શકે છે તેવી અટકળો વચ્ચે તેમણે હુગરી રિવર બ્રિજ કમિશનના ચેરમેન અને પરિવહન મંત્રી પદેથી રાજીનામું આપતા હવે મમતા સરકારમાં બળવાની સંભાવના વધુ મજબૂત બની છે.

# આખરે, ખેડૂતો પીએમ નિવાસે પહોંચ્યા

**ખેડૂત વિરોધી નીતિઓના વિરોધમાં ખેડૂતો રસ્તા પર ઊતરી આવ્યા : ખેડૂતોના આંદોલનને પંજાબ અને દિલ્હી સરકારનું સમર્થન, મેટ્રો બંધ કરાતા દિલ્હીમાં મુસાફરો મુશ્કેલીમાં મુકાયા : ઘણા સ્થળે ખેડૂતોનો તંત્ર સાથે સંઘર્ષ**



નવી દિલ્હી, તા. ૨૭

દેશની રાજધાની દિલ્હીમાં પ્રદર્શનકારી ખેડૂતોની એન્ટ્રી બંધ છે. દિલ્હી ચલો માર્ચ હેઠળ પંજાબ અને હરિયાણાના હજારો ખેડૂતો નીકળી પડ્યા છે. હરિયાણામાં ઘણી જગ્યા પર ખેડૂતોને રોકવામાં આવ્યા છે. ખેડૂતોને રોકવા માટે વોટર કેનન અને ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બોર્ડર સઘન ચેકિંગ અભિયાનથી ટ્રાફિક વ્યવસ્થા ખરાબ થઈ ગઈ છે. બીજી તરફ એનસીઆરના શહેરોમાં દિલ્હીની મેટ્રો સેવા બંધ કરવાથી લોકો પરેશાન છે. ગુરુગ્રામ, નોઈડા, ગાઝિયાબાદથી દિલ્હી આવનારા લોકોને તકલીફ પડી રહી છે. દિલ્હી અને પંજાબની સરકારો આંદોલનના સમર્થનમાં આવી ગઈ છે અને ભાજપને ઘેરી રહી છે. ટિકરી બોર્ડર, સિંધુ બોર્ડર, પંજાબ-હરિયાણા બોર્ડર પર ઘર્ષણ થયા બાદ પોલીસે ટીયર ગેસના સેલ છોડ્યા છે અને વોટર કેનનો ઉપયોગ કર્યો છે.

આંદોલન કરી રહેલા ખેડૂતો દિલ્હીમાં પ્રવેશ કરી ચૂક્યા છે. કેટલાક ખેડૂતો ૭ આરસીઆર સ્થિત વડાપ્રધાન નિવાસ સુધી પહોંચી ગયા છે. કહેવાય છે કે વડાપ્રધાનના નિવાસસ્થાન સુધી પહોંચેલા લોકોમાં આમ આદમી પાર્ટીના નેતા પણ જોડાયા હતા. પોલીસે ખેડૂતો અને આપના નેતાઓને દૂર કર્યા છે.

દિલ્હીની પોલીસ દ્વારા સ્ટેડિયમને જેલ બનાવવાની અરજીને ફગાવી દીધી છે. આ

● અનુસંધાન પાન-૭ પર